## ६. <u>आनन्दमयाधिकरणम्</u> / सू. १२ - १९ /

*અધિકરણ-વિષય :- બ્રહ્મની આનન્દમયતા*

*અધિકરણ-શ્લોક :- [ પ્રથમ વર્ણક ]*

**<u>प्रथमं वर्णकम् :--</u>**

*એકદેશી મતથી કહે છે --*

***संसारी ब्रह्म वाऽऽनन्दमयः संसार्ययं भवेत् /***
***विकारर्थमयट्-शब्दात्प्रियाद्यवयवोक्तितः // १ //***
***अभ्यासोपक्रमादिभ्यो ब्रहमऽऽनन्दमयो भवेत् /***
***प्राचुर्यार्थो मयट्-शब्दः प्रियाद्याः स्युरुपाधिगाः // २ //***

***( वैयासिक न्यायमाला. अ.१/ पा.१ / अधि.६ )***

*સંદેહ :- કૃષ્ણ-યજુર્વેદનાં તૈત્તિરીય-આરણ્યકનાં તૈત્તિરીય ઉપનિષદમાં દેહ, પ્રાણ, મન, બુદ્ધિ અને આનન્દ રૂપ -- અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમાય નામવાળાં પાંચ કોશો ક્રમથી એક-એકથી અંતર-સ્થિત ( અંદર-રહેલો ) શ્રુતિમાં કહેલો છે. તે સર્વની આંતર -- " **अन्योऽन्तर आत्माऽऽनन्दमयः " ( तैत्तिरीयोपनिषत्. २/५/१ )** કહેવાયેલ આનન્દમય જીવ છે કે બ્રહ્મ ( પરમાત્મા ) છે, એવો સંદેહ થાય છે.*

*પૂર્વપક્ષ :- આનન્દમય જીવ છે, એવું પ્રાપ્ત થાય છે. તે કેવી રીતે ? – એ રીતથી કે – આનન્દનો વિકાર આનન્દમય છે, એ પ્રકારની વ્યુત્પત્તિથી આનન્દમય સંસારી હોય શકે છે. અવિકારી બ્રહ્મ ( પરમાત્મા )માં એ નહીં હોય શકે. બીજી પણ વાત એ છે કે-- " **तस्य प्रियमेव शिरः / मोदो दक्षिणः पक्षः / प्रमोदः उत्तरः पक्षः / आनन्द आत्मा / ब्रहम पुच्छम् प्रतिष्ठा / ( तैत्तिरीयोपनिषत्. २/५/१ )** ( આનંદમયનું પ્રિય જ મસ્તક છે, મોડ ડાબી પાંખ છે, પ્રમોદ જમણી પાંખ છે, આનન્દ આત્મા છે, બ્રહ્મ પુચ્છ પ્રતિષ્ઠા છે. ) – આ પ્રમાણે આનંદમયનાં પાંચ અવયવ કહેવાયેલાં છે. ઈચ્છિત વિષયનાં દર્શન જન્ય સુખ " પ્રિય " છે, તેનાં લાભથી જન્ય સુખ " મોદ " છે, તેનાં ભોગથી જન્ય સુખ " પ્રમોદ " છે, સુષુપ્તિ વિ.માં અવિદ્યા ( અજ્ઞાન , અધ્યાસ )થી આવૃત્ત જણાતું સામાન્ય સુખ " આનન્દ " છે, નિરુપાધિક સુખ " બ્રહ્મ " છે. પ્રિય વિ. પાંચ અવયવોમાં મસ્તક વિ. રૂપની કલ્પના જ્ઞાનની સરળતા માટે છે. પક્ષી રૂપથી કલ્પના કરેલ આનંદમય મસ્તક અને બે પાંખો મળી ત્રણ અવયવો થાય. આત્મ-શબ્દ મધ્ય શરીર ચોથો અવયવ કહેવાયો છે. પુંછડીનાં ભાગ સાથે બંને પગો પ્રતિષ્ઠા છે., તે પાંચમો અવયવ છે. અંશ રહિત બ્રહ્મ ( પરમાત્મા )નાં અવયવ માનવા યોગ્ય નથી. આથી સંસારી જીવ જ આનન્દમય છે – આ પ્રમાણે પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં ---*

*સિદ્ધાંત :---  ઉત્તર કહીએ છીએ -- આનન્દમય બ્રહ્મ ( પરમાત્મા ) જ છે. તે કેવી રીતે કહ્યું ? અભ્યાસથી . --* " ***सैषाऽऽनन्दस्य मीमांसा भवति "( तैत्तिरीयोपनिषत्. २/८/१ )*** *( તે આ આનન્દની મીમાંસા ( પૂજિત વિચાર ) થાય છે. )* " ***एतमानन्दमयमात्मानमुपसंक्रामति "( तैत्तिरीयोपनिषत्. २/८/५ )*** *( તે આ આનન્દમય આત્માને પ્રાપ્ત થાય છે. )* ઈત્યાદિ શ્રુતિઓથી આનન્દમયનો અભ્યાસ ( અનેકવાર કથન ) કરાયેલો છે. <u>અભ્યાસ એ તાત્પર્ય-નિર્ણયને માટેનું લિંગ ( ચિહ્ન ) છે . વેદાન્તોનું તાત્પર્ય *બ્રહ્મ ( પરમાત્મા )માં જ છે, એવું અમે પાછળ કહી ચુક્યાં છીએ.*</u> ***"सत्यं ज्ञानमनन्तं ब्रहम "( तै. उ. २/१/१ )*** *(બ્રહ્મ ( પરમાત્મા ) સત્ય, જ્ઞાન અને અનંત-સ્વરૂપ છે. )* આ પ્રમાણે બ્રહ્મ ( પરમાત્મા )નાં ઉપક્રમ ( આરંભ )થી તથા -- ***" इदं सर्वमसृजत"( तैत्तिरीयोपनिषत्. २/६/१ )*** *( આ સર્વ જગત ( બ્રહ્મ ( પરમાત્મા )એ ) ઉત્પન્ન કર્યું )* આ સર્વ-સર્જનત્વ વિ.નાં અભ્યાસથી આનન્દમય એ બ્રહ્મ ( પરમાત્મા ) છે અને બ્રહ્મ ( પરમાત્મા )માં " મયટ્ " પ્રત્યય ( આનન્દ+<u>મય</u> )ની અનુપપત્તિ ( અયોગ્યતા ) પણ નથી , કેમકે પ્રાચુર્ય ( પ્રચુરતા ) અર્થમાં પણ  " મયટ્ " પ્રત્યયનો પ્રયોગ સંભવ છે. પ્રિય વિ. અવયવ પણ વિષય દર્શન વિ. ઉપાધિથી થઈ જશે, આ પ્રસ્તુત એકદેશીઓનો મત છે. ( નોંધ : - અહીં પ્રથમ એકદેશીનાં મતથી સૂત્રનો યથાશ્રુત અર્થ કહેવાયો છે. હવે, આગળ સૂત્રનો લાક્ષણિક અર્થ કહેવાય છે.) ( અધિકરણ-શ્લોક – ૧, ૨ )

હવે, અહીં પોતાનાં સિદ્ધાંત અનુસાર બીજાં વર્ણકથી લાક્ષણિક અર્થ કહેવાય છે.....

*અધિકરણ-શ્લોક :-        [ દ્વિતીય  વર્ણક ]*

**<u>द्वितीय वर्णकम् :--</u>**

*સ્વ-સિદ્ધાંતથી કહે છે --*

***अन्याङ्गं स्वप्रधानं वा ब्रह्म पुच्छमिति श्रुतम्   ।***
***स्यादानन्दमयस्याङ्गं पुच्छेऽन्गत्वप्रसिद्धितः   ॥ ३ ॥***
***अभ्यासोपक्रमादिभ्यो लान्गूलासंभवादत्र पुच्छेनाऽऽधारलक्षणा ।***
***ऽऽनन्दमय जीवोऽस्मिन्नाश्रितोऽतः प्रधानता   ॥ ४ ॥***

***( वैयासिक न्यायमाला. १/१/६ )***

*સંદેહ :-*  ***ब्रहम पुच्छम् प्रतिष्ठा । ( तैत्तिरीयोपनिषत्. २/५/१ )*** *(બ્રહ્મ પુચ્છ પ્રતિષ્ઠા છે. )* આ શ્રુતિવાક્યમાં જે બ્રહ્મ ( પરમાત્મા ) શ્રુત છે, તે શું આનન્દમયનાં અંગરૂપથી નિર્દિષ્ટ છે અથવા સ્વયં મુખ્ય ( પ્રધાન )રૂપથી પ્રતિપાદિત છે ? – આ સંદેહ છે.

*પૂર્વપક્ષ :-* બ્રહ્મ ( પરમાત્મા ) આનન્દમયનાં અવયવરૂપથી નિર્દિષ્ટ છે, એવું પ્રાપ્ત થાય છે. એમાં કારણ એ છે કે – પુચ્છ શબ્દ અવયવવાચી રૂપથી લોકમાં પ્રસિદ્ધ છે.

*સિદ્ધાંત :-* -- આનાં ઉત્તરમાં અમે કહીએ છીએ કે – અહીં પુચ્છ શબ્દ અવયવવાચી નથી , પણ લાંગૂલ ( પૂંછડી )વાચી છે. આનન્દમય પુચ્છ નહીં હોય શકે, કારણ કે પુચ્છ તો ગાય વિ. અન્નમય દેહનો અવયવ છે, આનંદમયને અવયવનો યોગ નથી. આથી, પુચ્છ શબ્દથી મુખ્ય અર્થ ( પૂંછડી )નાં અસંભવ થતાં , યોગ્યતાની દૃષ્ટિએ અહીં લક્ષણાથી " આધાર " – એવો અર્થ છે. બ્રહ્મ ( પરમાત્મા ) આનંદમય જીવનો આધાર છે અને જીવ એ કલ્પનાનું અધિષ્ઠાન છે. આથી, આનંદમય પરમાત્મા નથી.

પ્રાચુર્ય ( પ્રચુરતા ) અર્થ સ્વીકાર કરવા છતાં, પણ ( પ્રચુરના વિરોધી એવાં ) અલ્પ દુઃખનાં સદ્-ભાવની પ્રતીતિ થશે. આથી જીવનો આધાર બ્રહ્મ ( પરમાત્મા ) પ્રાધાન્યરૂપથી પ્રતિપાદિત છે. જેમ કે -- ***" असन्नेव स भवति असद् ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः ॥ " ( तैत्तिरीयोपनिषत्. २/६/१ )*** *( જો પુરુષ " બ્રહ્મ ( પરમાત્મા ) અસત્ છે " એવું જાણે છે, તો તે સ્વયં પણ અસત્ જ થઈ જાય છે અને જો એવું જાણે છે કે – " બ્રહ્મ ( પરમાત્મા ) છે " , તો તેને સંત ( શુભ માર્ગમાં સ્થિત ) જાણે છે. )* ઈત્યાદી બ્રહ્મ ( પરમાત્મા )નો અભ્યાસ ( ફરીથી કથન ) છે. ***" ब्रह्मविदाप्नोति परम् "( तैत्तिरीयोपनिषत्. २/१/१ )*** *( બ્રહ્મવેત્તા ( પરમાત્માને જાણનાર ) બ્રહ્મ ( પરમાત્મા )ને પ્રાપ્ત થાય છે. )* આ શ્રુતિ વાક્યથી બ્રહ્મ ( પરમાત્મા )નો ઉપક્રમ ( આરંભ – શ્લોક-૨/૧/૧ માં ) અનુકુળ થાય છે.

*અધિકરણ-સૂત્રો :--*

***आनन्दमयोऽभ्यासात् ॥ १२ ॥***

***विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात् ॥ १३ ॥***

***तद्धेतुव्यपदेशाच्च ॥ १४ ॥***

***नेतरोऽनुपपत्तेः ॥ १५ ॥***

***मान्त्रवर्णिकमेव च गीयते ॥ १६ ॥***

***भेदव्यपदेशाच्च ॥ १७ ॥***

***कामाच्च नानुमानापेक्षा ॥ १८ ॥***

***तस्मिन्नस्य च तद्योगं शास्ति ॥ १९ ॥***

--००–००–००--

*( વૈયાસિક .ન્યાયમાલા. અ.૧/પા.૧ / અધિ.૬ )*